# “સાંપ્રત સમયમાં ગાંધીના આર્થિક વિચારોનું પર્યાવરણીય સંરક્ષણ, વૈશ્વિક શાંતિ અને સુખાકારી તેમજ સઘળા વિકાસમાં યોગદાન”

ખુંટ સતિષકુમાર ગોરધનભાઈ
પીએચડી સ્કોલર
અર્થશાસ્ત્ર વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત

## સારાંશ

સાંપ્રત યુગીન વિકાસ પ્રક્રિયાએ માનવજીવનની સુખાકારી માટે ઘણી ભૌતિક સુવિધાઓ વધારી છે, પરંતુ સાથો સાથ પર્યાવરણીય સંકટ અને સામાજાર્થિક અસમાનતા જેવી દુવિધાઓ પણ ઊભી કરી છે. મહાત્મા ગાંધીના આર્થિક વિચારો-જરૂરિયાત આધારિત ઉપભોગ, સ્વદેશી અને સ્થાનિક ઉપભોગ, સ્વાવલંબન અને આત્મનિર્ભરતા, વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા, ટ્રસ્ટીશીપનો ખ્યાલ, ગ્રામીણ સર્વોદય અને સ્વરાજ, અપરિગ્રહ, આસ્તેય, નૈતિક અને સાદગીપૂર્ણ સંયમી જીવન, અહિંસા અને નૈતિક અર્થવિધાન, શ્રમનું ગૌરવ, યાંત્રીકરણનો વિરોધ, પ્રકૃતિ સાથે સહઅસ્તિત્વ વગેરે આ સમસ્યાઓના હલ માટે મજબૂત અને માનવકેન્દ્રિત અવસર પ્રદાન કરે છે. આ સંશોધન લેખ ગાંધીજીના અર્થદર્શનનું સૈદ્ધાંતિક વિશ્લેષણ કરે છે અને સમજાવે છે કે કેવી રીતે પર્યાવરણીય સંરક્ષણ એ સઘળા(સર્વાંગીણ વિકાસ) સાથે સુસંગત અને વૈશ્વિક શાંતિ તેમજ સુખાકારી માટે ઉપયોગી છે. આ અભ્યાસનો નિષ્કર્ષ સૂચવે છે કે ગાંધીયન આર્થિક વિચારધારા સાંપ્રત વિકટ પરિસ્થિતિમાં ટકાઉ વિકાસ માટે પથદર્શક બની શકે છે. ગાંધીજીના આર્થિક વિચારો માત્ર પુસ્તકના પાના પર છપાય તે પર્યાપ્ત નથી પરંતુ બાળકને બાલ્યાવસ્થામાં જ કેળવણીરૂપે આપવામાં આવે તો પર્યાવરણીય સરંક્ષણ પ્રત્યેના અને સર્વાંગી વિકાસના ફળો સાધી તેનો વ્યાપક જનસમુદાય લાંબાગાળા સુધી લાભ મેળવી શકે અને વૈશ્વિક શાંતિ તરફ પગરણ કરી શકાય છે.

## પ્રસ્તાવના

સાંપ્રત વિશ્વ આજે દ્વિપક્ષીય દુવિધાના કિનારે આવીને ઊભું છે. એક તરફ ટેક્નોલોજિકલ અને ઔદ્યોગિક પ્રગતિ ભરી ઝાકમઝોળ તેમજ ભૌતિક સુખમય જિંદગી તો બીજી તરફ પર્યાવરણીય અવનતિ, સામાજાર્થિક અસમાનતાભર્યો વિકાસ સાથે આવકની અસમાનતા અને માનવીનું નૈતિક અધઃપતન જેવી સમસ્યાઓ પણ ઝડપથી વધી છે. આર્થિક વિકાસના પ્રચલિત મોડેલો કેવળ નફો, ઉત્પાદન અને ઉપભોગ કેન્દ્રિત છે, આથી પ્રકૃતિને માત્ર ઉપભોગના સાધન તરીકે જોવામાં આવે છે. આ પરિબળોએ આપણને વિકાસની પુનઃ પરિભાષા વિશે વિચારવા અને બદલવા માટે સમયે-સમયે મજબૂર કર્યા છે.

**"પ્રકૃતિ દરેક મનુષ્યની જરૂરિયાત સંતોષવા માટે પર્યાપ્ત છે, પરંતુ મનુષ્યના લોભને સંતોષવા માટે નહી." -મહાત્મા ગાંધી.**

ગાંધીજી સદૈવ એવું માનતા હતા કે પ્રકૃતિ એ કેવળ જીવન જીવવા માટેનું માધ્યમ નથી, પરંતુ એ માનવજીવનની આત્મા સાથે વણાયેલ અભિન્ન અંગ છે. પૃથ્વી, નદી, જળ, હવા, વૃક્ષો અને પ્રાણીમાત્ર સાથેનું સુસંવાદી જીવન એજ સાચી પરંપરા, સત્ય અને ધર્મનું મૂળ આચરણ છે. તેમણે પોતે સરળ જીવનશૈલી અપનાવી વધુ પડતા ખપ(ઉપભોગ), ભાડુ અને ભૌતિક સંપદા માટે પૃથ્વી પર ભાર ન મૂકતા પોતે જે રીતે જીવ્યા તે આધુનિક યુગના લોકો અને પર્યાવરણવિદો માટે પણ પ્રેરણારૂપ છે. તેમના વિચારો કહે છે કે જો આપણે પૃથ્વીની શુદ્ધતા જાળવવાનું ભૂલી જઈએ તો આપણું જીવન પણ અંધકારમય અને અપૂર્ણ છે, કારણ તેના વિના બીજાનું અસ્તિત્વ પાંગરી શકતું નથી. ગાંધીજીનું અર્થદર્શન કેવળ આર્થિક નહિ પરંતુ નૈતિક, સામાજિક અને પર્યાવરણીય આધાર ધરાવતો સર્વાંગીણ દષ્ટિકોણ છે. તેમણે વિકાસને મનુષ્યજાતીના શારીરિક-માનસિક તેમજ આધ્યાત્મિક સુખ, સમાજ કલ્યાણ અને પ્રકૃતિ સાથેના સહઅસ્તિત્વ સાથે જોડયો હતો. આ અભ્યાસમાં ગાધીના આર્થિક વિચારોનું પર્યાવરણીય સંરક્ષણ અને સર્વાંગીણ વિકાસના પરિપ્રેક્ષ્યમાં ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## અભ્યાસના હેતુઓ

૧) ગાંધીના આર્થિક વિચારોના મૂળ તત્ત્વો કયા છે તે જાણવું.

૨) ગાંધીયન આર્થિક વિચારધારા પર્યાવરણીય સંરક્ષણને કેવી રીતે પ્રોત્સાહન આપે છે?

૩) સઘળા વિકાસની કલ્પનામાં ગાંધી વિચારોની પ્રાસંગિકતા કેટલી?

૪) ગાંધી વિચારધારા વૈશ્વિક શાંતિ અને સુખાકારી માટે કેટલી પ્રેરણાદાયી?

## ગાંધીના આર્થિક વિચારોનો તાત્ત્વિક આધાર

મહાત્મા ગાંધીના આર્થિક વિચારો પરંપરાગત આર્થિક વિચારોથી અલગ માનવજાતના સામાજાર્થિક, શારીરિક-માનસિક અને આધ્યાત્મિક સુખ અને નૈતિક મૂલ્યો પર આધારિત હતા. ગાંધીજીના આ વિચારો પર શ્રી મદ્ ભગવદ્ ગીતા, રાજા હરિશ્ચંદ્ર નાટક તેમજ વિદેશી તત્ત્વચિંતકો રસ્કિન, થોરો અને લેનિનના પુસ્તકોનો બહોળો પ્રભાવ જોવા મળે છે. ગાંધીજીએ અર્થતંત્ર અને પૃથ્વીને માત્ર સંપત્તિના સર્જનના સાધન જ નહી પરંતુ મનુષ્ય માત્રનું કલ્યાણ, સામાજાર્થિક ન્યાય અને પર્યાવરણીય સંતુલન પ્રાપ્ત કરવાનો માર્ગ ગણાવ્યો.

**૧ જરૂરિયાત આધારિત ઉપભોગ**

ગાંધીજી અનુસાર માનવીની જરૂરિયાતો મર્યાદિત હોવી જોઈએ. અતિ ઉપભોગ અને લાલચુવૃત્તિ પ્રાકૃતિક સંસાધનોના અતિ દોહનનું કારણ બને છે. તેમણે કહ્યું હતું કે આ પૃથ્વી દરેકની જરૂરિયાત સંતોષવા માટે પૂરતી છે પણ સ્વાર્થ કે લોભ સંતોષવા માટે નહિ. આ વિચાર પર્યાવરણીય સંરક્ષણ અને ટકાઉ ઉપભોગની આધારશિલા છે.

**૨ સાદગીપૂર્ણ જીવન અને આત્મ સંયમ**

ગાંધીજીના આર્થિક વિચારોમાં મનુષ્યની જીવનશૈલીનું મહત્વ કેન્દ્રસ્થાને છે. તેમણે સાદગીમય તેમજ આત્મસંયમી જીવન તથા મર્યાદિત વપરાશને આર્થિક ન્યાય માટેના મહત્વપૂર્ણ પાસાં ગણાવ્યા છે. આ તત્ત્વ વ્યક્તિગત નૈતિકતા અને સામાજિક જવાબદારીનું અર્થતંત્ર તેમજ પર્યાવરણીય સંવેદનશીલતા સાથે જોડાણ કરે છે.

**૩ સ્વદેશી અને સ્થાનિક ઉત્પાદન**

ગાંધીજી સ્વદેશી વિચારધારાને માત્ર રાજકીય આંદોલન તરીકે નહિ, પરંતુ આર્થિક સ્વતંત્રતાના સાધન તરીકે જોતા હતા. જો સ્થાનિક સ્તરે ઉત્પાદન અને ઉપભોગ વધે તો તેના લીધે આત્મનિર્ભરતા વધે છે, રોજગારના અવસર સર્જાય છે અને પર્યાવરણ પર પડતા દબાવનું ભારણ ઘટે છે.

**૪ વિકેન્દ્રિત અર્થતંત્ર**

ગાંધીજી કેન્દ્રિકૃત ઔદ્યોગીકરણના ખાસ વિરોધી હતા. તેમણે ગ્રામીણક્ષેત્રના વિકાસ આધારિત વિકેન્દ્રિત ઉત્પાદન વ્યવસ્થાની હિમાયત કરી. આ તત્ત્વ આર્થિક સત્તાના કેન્દ્રીકરણને અટકાવી સમાજમાં સમાનતા સ્થાપિત કરે છે.

**૫ શ્રમનું ગૌરવ**

ગાંધીજી તમામ શ્રેણીના શ્રમને સમાન મહત્વ આપતા હતા. તેમણે શારીરિક અને માનસિક શ્રમ વચ્ચેના ભેદની અવગણના કરી હતી. આ વિચાર સામાજિક ન્યાય અને આત્મસન્માનની ભાવનાને મજબૂત કરે છે.

**૬ ટ્રસ્ટીશીપનો ખ્યાલ**

ગાંધીજીના મતાનુસાર સંપત્તિ પરનો વ્યક્તિગત અધિકાર નિશ્ચિત હોવો જોઈએ, વળી તેનો ઉપયોગ માનવ સમાજના કલ્યાણ માટે થવો જોઈએ. ધનિકોએ સંપત્તિના ટ્રસ્ટી તરીકે વ્યવહાર કરવો જોઈએ નહિ કે માલિક તરીકે. આ વિચાર આર્થિક અસમાનતા ઘટાડવા માટેનો નૈતિક માર્ગ સૂચવે છે.

**૭ ગ્રામીણ સર્વોદયનો વિચાર**

ગાંધીના આર્થિક વિચારોનો અંતિમ ઉદ્દેશ્ય સર્વોદય છે, અર્થાત્ સર્વના કલ્યાણની પ્રાપ્તિ. વિકાસના લાભો સમાજના દરેક વર્ગો અને છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે એ તેમના વિચારનો મૂળભુત હેતુ હતો. જોકે સર્વોદય શબ્દનો વિચાર વિનોબા ભાવે દ્વારા આપવામાં આવ્યો હતો. સમાજવાદી વિચારધારામાં માનનારા જયપ્રકાશ નારાયણ દ્વારા સર્વોદય યોજના જાન્યુઆરી ૧૯૫૦માં આપવામાં આવી હતી.

**૮ અસ્તેય**

ગાંધીજીને અસ્તેયનો વિચાર શ્રી મદ્ ભગવદ્ ગીતાના અનાસકત યોગમાંથી આ વિચાર ઉદ્ભવ્યો હતો. અસ્તેયનો અર્થ એવો થાય છે કે છેતરપિંડી ન કરવી, પારકી વસ્તુ મેળવવાની ઈચ્છા ન કરવી તેમજ અન્ય વ્યક્તિઓની ઈચ્છાપૂર્તિઓની આડે અવરોધરૂપ ન બનવું. આમ, આ તાત્ત્વિક વિચારનો મર્મ અધિક માનવ સમાજના કલ્યાણને પરિપૂર્ણ કરવા માટે પ્રેરણાદાયી બને છે.

**૯ અપરિગ્રહ વ્રત**

પાળવું ગાંધીજી માનતા હતા કે મનુષ્યે અનાવશ્યક ધન-સંપત્તિ તેમજ વસ્તુઓ અને સંસાધનોનો સંચય ટાળવો જોઈએ, જેથી વંચિતોને તેનો લાભ મળી શકે અને તેમનું હિત સાધી શકાય.

**૧૦ અહિંસા અને નૈતિક અર્થકારણ**

ગાંધીજીના મંતવ્ય અનુસાર અર્થતંત્ર અહિંસા અને નૈતિકતાથી અલગ નથી. મનુષ્ય થકી મનુષ્યનું શોષણ, સામાજાર્થિક અસમાનતા અને પર્યાવરણીય વિનાશને તેમણે હિંસાના સ્વરૂપ ગણાવ્યા છે. આથી ગાંધીજીનું અર્થદર્શન નૈતિકતાના આધાર પર ઊભું છે.

**૧૧ પ્રકૃતિ સાથે સહઅસ્તિત્વ**

ગાંધીનો આ વિચાર માનવજાત અને પર્યાવરણ વચ્ચેના સુસંવાદી સંતુલન પર આધારિત છે. તેમના મતે પ્રકૃતિ શોષણનું સાધન માત્ર નથી પરંતુ મનુષ્યજાત માટે જીવનનો આધારસ્તંભ છે.

**૧૨ સ્વાવલંબન અને આત્મનિર્ભરતા**

ગાંધીજીની માન્યતા મુજબ વ્યક્તિ, ગામ અને રાષ્ટ્ર આત્મનિર્ભર બને તે વિકાસની સાચી પરિભાષા છે. સ્વાલંબન સ્વદેશીને પ્રોત્સાહન આપે છે, જેથી વિદેશો પરની નિર્ભરતા ઘટે છે અને રાષ્ટ્ર પોતાના પગ પર આત્મનિર્ભર બને છે.

## પર્યાવરણીય સંરક્ષણ સામેના આધુનિક પડકારો

માનવીની વિકાસ માટેની તીવ્ર ઘેલછાને લીધે પ્રકૃતિને બહું મોટુ નુક્સાન થયું છે. અતિ ઉપભોગ અને ઉત્પાદનના પરિણામે જળવાયુ પરિવર્તન, કુદરતી સંસાધનોનો ક્ષય, જૈવ વિવિધતા પર માઠી અસર, વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંઘર્ષ વગેરે સમસ્યારૂપી પડકારો ઉદ્ભવ્યા છે. આ પડકારો વિકાસના ફળો છેવટના વ્યક્તિ સુધી પહોંચવા દેતા નથી અને ગરીબીને દૂર થવા દેતા નથી.

**૧ જળવાયુ પરિવર્તન**

ગાંધીજીના મત પ્રમાણે મનુષ્યની લાલચવૃત્તિ અને અતિ ઉપભોગવાદ તથા વૈભવી જીવનશૈલી પ્રાકૃતિક સંસાધનોના અતિ દોહનમાં પરિણમે છે જે જળવાયુ પરિવર્તન માટે નિમિત્ત બન્યા છે, વળી લાલચવૃત્તિ અને અતિ ઉપભોગવાદે સમાજમા અમીર-ગરીબ માટે સામજાર્થિક અસમાનતાની ખાઈ ઊભી કરી છે. ગાંધીજી અનુસાર તીવ્ર ઔદ્યોગીકરણ અને યંત્ર આધારિત વિકાસ પાછળની મનુષ્યની દોડના લીધે ભારે ઉદ્યોગો દ્વારા થતું પ્રદૂષણ, ખનિજ ઈંધણોનો અતિ વપરાશ અને કાર્બન ઉત્સર્જન આ બધા જળવાયુ પરિવર્તનને વેગ આપે છે. ગાંધીજી કહેતા હતા કે માનવી પ્રકૃતિનું એક અંગ છે પ્રકૃતિનો સ્વામી નહી, વળી માનવ પ્રકૃતિથી અળગો નથી, પરંતુ આધુનિક માનવી પોતે પ્રકૃતિ પર શાસન કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો છે અર્થાત્ માનવી પ્રકૃતિથી વિમુખ થયો છે અને પોતાના સ્વાર્થ માટે પ્રકૃતિની ઘોર ખોદી રહ્યો છે, પરંતુ પોતે જાણે છે કે તે પોતાની જ કબર ખોદી રહ્યો છે. જેથી પર્યાવરણીય સૃષ્ટિ ચક્રમાં અસંતુલન ઊભું થાય છે જે જળવાયુ પરિવર્તનનું કારણ બને છે. ગાંધીજી માટે અહિંસા માત્ર માનવ જાત પૂરતી સીમિત ન હતી, તેમાં પ્રકૃતિ પ્રત્યેની અહિંસા પણ સામેલ હતી. જંગલોનો નાશ, પ્રાણીઓ પર અત્યાચાર, ધરતીનું અતિશય શોષણ આ બધું પ્રકૃતિની હિંસા છે, જે જળવાયુ પરિવર્તન માટે જવાબદાર છે. ગાંધીજી સ્વદેશી અને સ્થાનિક ઉત્પાદનને મહત્વ આપતા હતા કારણ કે વૈશ્વિકરણના લીધે લાંબા અંતરના પરિવહનથી ઈંધણનો વધારે વપરાશ થાય છે, જે ગરમ ગેસોના ઉત્સર્જનમાં વધારો કરે છે અને જળવાયુ પરિવર્તનને પ્રોત્સાહિત કરે છે. ગાંધીજી અનુસાર પર્યાવરણીય સંકટનું મૂળ નૈતિકતાનું પતન અને અવિવેકી જીવનશૈલીમાં રહ્યુ છે. જયારે માનવી આત્મસંયમ પરનો કાબુ ખોઈ બેસે છે અને કુદરતી મર્યાદાઓના બંધનો ઓળંગે છે ત્યારે જળવાયુ પરિવર્તન જેવી વૈશ્વિક સમસ્યાઓ ઉદ્ભવે છે. **“આચરણ વગરના વિચારો ગમે**

**એટલા સારા હોય તો પણ તે નકલી હીરા જેવા જ હોય છે." મહાત્મા ગાંધી.** ગાંધીવાદી જીવનપદ્ધતિ, સાદગી, આત્મસંયમ અને અહિંસા જળવાયુ પરિવર્તનની સમસ્યાને હલ કરવા માટે ટકાઉ જીવન ઉપાય પ્રદાન કરે છે.

**૨ કુદરતી સંસાધનોનો ક્ષય**

ગાંધીના આર્થિક વિચારો મુજબ કુદરતી સંસાધનોના વિનાશ માટે મુખ્યત્વે મનુષ્યની ઘેલછાભરી લાલસા, અસમતોલ વિકાસ, અવિવેકી અને સ્વછંદી જીવનશૈલી, અતિ અવિવેકી ઉપભોગ અને અસમાન વિતરણ, વાલીપણાનો અભાવ જવાબદાર કારણો છે. પ્રો.રોબિન્સ અનુસાર મનુષ્યજાતની લાલચવૃત્તિ અમર્યાદ છે જયારે તેની ઈચ્છાને પોષી શકનારા પ્રાકૃતિક સંસાધનોની માત્રા મર્યાદિત છે. મનુષ્ય આ વાતથી સારી પેઠે વાકેફ હોવા છત્તા પોતાની સ્વાર્થવૃત્તિ અને મોજશોખ પૂરા કરવા માટે પ્રાકૃતિક સંસાધનોનુ અતિ દોહન કરે છે. અસમતોલ વિકાસના લીધે પ્રાદેશિક અસમાનતા, આવક અસમાનતા, અમીર-ગરીબ વચ્ચેની અસમાનતા તો વધી જ છે, પરંતુ જે પ્રદેશોનો વિકાસ ઝડપી થયો છે તે પ્રદેશો અન્ય પછાત પ્રદેશોના પ્રાકૃતિક સંસાધનોનો પણ અતિ વપરાશ કરતા થયા છે. આથી પછાત પ્રદેશો આજે પણ વંચિત રહી જવા પામ્યા છે. અવિવેકી જીવનશૈલી અને અતિ ઉપભોગના લીધે કુદરતી સંસાધનોનો અતિ ઉપયોગ, અલ્પ ઉપયોગ અર્થાત્ બિનકાર્યક્ષમ ઉપયોગ અને બગાડ વધવાથી પ્રાકૃતિક સંસાધનો પર વધુ દબાણ આવે છે. **"વધારે પડતું બગાડો એ જ વાંધો, અનાજ તો જરૂરિયાત પૂરતું જ રાંધો."** કેન્દ્રીકૃત ઉત્પાદન પ્રણાલી અને શહેરીકરણના લીધે ગ્રામીણ અર્થવ્યવસ્થા નાશ પામતી જાય છે, જે સ્થાનિક અને ટકાઉ સંસાધન વ્યવસ્થાપનને અવગણે છે. વ્યક્તિ અને સમાજ પોતાને પ્રાકૃતિક સંસાધનોના માલિક માને છે ત્યારે આ સંસાધનોના સંરક્ષણ પ્રત્યેની જવાબદારી ઘટવા લાગે છે. ગાંધીજી માનતા હતા કે આ સંસાધનો પર મનુષ્યની વ્યક્તિગત માલિકી નહી પરંતુ સામૂહિક જવાબદારી અર્થાત્ ટ્રસ્ટીશીપની ભાવના વિકસિત થવી જોઈએ. પ્રાકૃતિક સંસાધનોનું અસમાન વિતરણ થોડા લોકો દ્વારા અતિ ઉપભોગ માટે નિમિત્ત બને છે જેથી થોડા લોકો દ્વારા મોટા પ્રમાણમાં સંસાધનો નષ્ટ થાય છે અને સમાજના બહુ મોટાભાગના લોકો મૂળભુત જરૂરિયાતોથી વંચિત રહે છે. નૈતિકતા વિહીન વિકાસ મોડેલો પણ અતિ ઉપભોગ અને માનવ-પ્રકૃતિ વચ્ચેના અસંતુલિત સંબંધમાં પરિણમે છે.

**૩ જૈવ વિવિધતા પર માઠી અસર**

ગાંધીજીના અર્થદર્શન અનુસાર જૈવ વિવિધતા પર થયેલ નકારાત્મક અસરો માનવકેન્દ્રીત, લોભપ્રેરિત અને અસમાન વિકાસની રીતોમાંથી સર્જાઈ છે. અતિ ઔદ્યોગીકરણ અને યાંત્રીકરણની પ્રક્રિયાઓએ પ્રકૃતિ સાથેના માનવીય સંબંધોમાં વિચ્છેદન કર્યુ છે. ભારે ઉદ્યોગો, ખનનકાર્ય અને મોટી માત્રામાં ઉત્પાદનથી જંગલોનો નાશ, માટીની ઊપજાઉ ક્ષમતામાં ઘટાડો, જળ અને હવા પ્રદૂષણમાં પરિણમે છે. **"મારું ઘર તોડશો નહી, સાથે તમારું પણ તૂટશે."** _પંખી. અનેક જીવજંતુઓ અને વનસ્પતિઓની જાતીઓ નાશ પામે છે. એટલા માટે જ કદાચ ગાંધીજી ગ્રામ્ય અર્થકારણ આધારિત હસ્તકલા, કૃષિ અને સ્વનિર્ભર અર્થતંત્રના હિમાયતી હતા, જે જૈવ વિવિધતાને સાનુકૂળ વ્યવસ્થા રહી છે. અતિભોગવાદ જૈવિક સંસાધનો ખાસ કરીને સમુદ્રી ભોજનના અણઘડ શોષણને પ્રોત્સાહન આપે છે. વધતી માંગને સંતોષવા માટે કુદરતી સંસાધનોનો અવિચારી ઉપયોગ થાય છે, જે પર્યાવરણનું સંતુલન બગાડે છે. કેન્દ્રીકૃત ઉત્પાદન પ્રણાલીઓ અને અસમતોલ વિકાસ નીતિઓ સ્થાનિક સમુદાયોની ભૂમિકાને કમજોર બનાવે છે. પરંપરાગત જ્ઞાન અને પ્રકૃતિ સાથેની સુસંવાદી અને સુમેળ સાધનારી જીવનશૈલીની રીતોને અવગણતા જૈવ વિવિધતાનું સંરક્ષણ ખોરવાયું છે. નૈતિક મૂલ્યો રહિત આર્થિક વિકાસના મોડેલો મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચેના સહઅસ્તિત્વની સાંકળને તોડે છે. ગાંધીજીના વિચારો અનુસાર અર્થવ્યવસ્થાનો આધાર નૈતિક મૂલ્યો અને અહિંસાના સિદ્ધાંત પર પ્રચલિત થવો જોઈએ, કારણ કે હિંસક શોષણ અંતે પ્રકૃતિના વિનાશમાં પરિણમે છે. ટકાઉ અને સર્વાંગી વિકાસ માટે પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધી શકે એવું જરૂરિયાત આધારિત અને માનવતાવાદી અર્થતંત્ર જરૂરી છે.

**૪ વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંઘર્ષ**

મહાત્મા ગાંધીના આર્થિક વિચારો અનુસાર વિકાસ અને પર્યાવરણ વચ્ચે સર્જાતા સંઘર્ષ માટે માનવીની અસીમ લાલસા અને વિકાસનો ખોટો દ્દષ્ટિકોણ કારણભૂત છે. આધુનિક વિકાસ મોડેલમાં સુખ-સમૃદ્ધિને વધુ વપરાશ સાથે વણી લેવાઈ છે, જેના પરિણામે પ્રાકૃતિક સંસાધનોનો અવિચારી અને અતિ ઉપયોગ થાય છે. ગાંધીજી અનુસાર જો સીમિત જરૂરિયાતો અને અને સાદગીપૂર્ણ જીવનશૈલી

અપનાવવામાં આવે તો પર્યાવરણ પરનું દબાણ ઘટે. મોટા ઉદ્યોગો ઉત્પાદન વધારવા માટે કુદરતી સંસાધનોનું શોષણ કરે છે, જેના કારણે પ્રદૂષણ, વનવિનાશ અને જૈવ વૈવિધ્યનો વિનાશ થાય છે. આ પ્રકારે થયેલો વિકાસ માનવી અને પર્યાવરણ વચ્ચેના સહજીવનનો વિચ્છેદ કરે છે, જે પર્યાવરણીય સંઘર્ષ પેદા કરે છે. કેન્દ્રીકૃત અને સમતોલ વિકાસ પ્રક્રિયા થોડા લોકો કે શહેરી વિસ્તારો પૂરતી સીમિત રહે છે, વળી ગ્રામીણ વિસ્તારો અને કુદરતી પરિસ્થિતિને આ બિકાસ પ્રક્રિયા અવગણે છે. આમાં ટૂંકાગાળાના લાભ માટે પર્યાવરણને નુકસાન પહોંચે છે. સ્થાનિક સ્તરે ઉત્પાદન અને ઉપભોગને બદલે વૈશ્વિક બજાર પર આધાર વધવાથી કુદરતી સાધનોનો અતિ બગાડ થાય છે. ગાંધી વિચારધારા મુજબ સ્થાનિક સ્વાવલંબનના અસ્વીકારના લીધે વિકાસ અને પર્યાવરણ વચ્ચે ટકરાવ જોવા મળે છે. ગાંધીજી અનુસાર નૈતિકતા અને આત્મસંયમના અભાવને લીધે માનવી વ્યક્તિગત સ્વાર્થ સાધવા માટે પર્યાવરણીય સંસાધનોનો દુરુપયોગ કરે છે જેથી વિકાસ અને પર્યાવરણ એકબીજાથી વિપરીત વર્તે છે. ગાંધીજી અનુસાર માનવી પરિગ્રહી વર્તન કરે છે એટલે માત્ર પોતિકા લાભ અને લાલચથી પ્રેરિત થઈ તે કુદરતી સંસાધનોનો આવશ્યકતા કરતાં વધુ સંચય કરે છે, જેથી વંચિતો દ્વારા પર્યાવરણ પર પોતાના હિત સાધવા માટેનું ભારણ વધે છે. લોભ અને લાલચઘેલો મનુષ્ય સંપત્તિના નશામાં વધુ પડતો આસકત થવાથી પણ પ્રાકૃતિક સંસાધનોનું એકતરફી દોહન કરે છે. એવું કહેવાય છે કે વિકાસ અને પર્યાવરણ એક સિક્કાની બે બાજુઓ છે અને બંને એકબીજા પર પરસ્પર આધારિત છે. પરંતુ આજ સુધી માનવીએ જે વિકાસ હાંસલ કર્યો છે તે માત્રને માત્ર પર્યાવરણના ભોગે કર્યો છે, પર્યાવરણના જતન સાથે નહિ. એટલા માટે જ ગાંધીજીના વિચારો સાંપ્રત સમયમાં વૈશ્વિક પ્રશસ્તિ પામ્યા છે. જે પર્યાવરણીય સંરક્ષણ સહિતના સર્વાંગી અને ટકાઉ વિકાસના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે પ્રેરણાદાયી છે.

## ગાંધીયન આર્થિક વિચારધારા પર્યાવરણીય સંરક્ષણ માટે પ્રોત્સાહન

મહાત્મા ગાંધીનુ વિકાસ મોડેલ કેવળ આર્થિક વિકાસ પૂરતું સીમિત નથી, પરંતુ તે નૈતિકતા, માનવ કલ્યાણ અને કુદરત સાથેના સંતુલન પર આધારિત છે. આજના સમયમાં વિશ્વ સામે પર્યાવરણીય સંકટ જેમકે ગ્લોબલ વોર્મિંગ, પ્રદૂષણ, વનવિનાશ અને દુર્લભ પ્રાકૃતિક સંસાધનોનું અતિશય દોહન, વધતી જતી બીમારીઓનો ઉપદ્રવ-ભયંકર પડકાર બની ગયું છે, ત્યારે ગાંધીયન વિચારો પર્યાવરણીય સંરક્ષણ માટે રામબાણ ઈલાજ સાબિત થઈ શકે તેમ છે. **ઈચ્છારહિતતાનો સિદ્ધાંત** ગાંધીજીના આ વિચાર અનુસાર મનુષ્યમાત્ર એ પોતાની જરૂરિયાતો નિશ્ચિત અને સીમિત રાખવી જોઈએ કારણ અતિલોભ એ પાપનું મૂળ છે. જો આ વિચારને અનુસરવામાં આવે અને સ્વૈચ્છિક ત્યાગ તથા સ્વૈચ્છિક સેવાનો માર્ગ અપનાવવામાં આવે તો **સીમિત જરૂરિયાતો** દ્વારા તમામ જીવાત્માનું પાલન-પોષણ થઈ શકે છે, વળી પર્યાવરણીય સંસાધનો પર પડતો દબાવ ઘટાડી શકાય છે. સીમિત અને જવાબદારીભર્યો વપરાશ કે ઉપભોગ પર્યાવરણનું જતન કરવામાં સહાયક થઈ શકે છે. **યાંત્રીકરણ અને ઔદ્યોગીકરણ પર નિયમન** ગાંધીજી અનુસાર મોટા યંત્રો અને અતિ ઉત્પાદન કરનાર ઔદ્યોગિક પ્રવૃત્તિઓના લીધે માનવ અને પશુ શ્રમ બેકાર બને છે તેમજ સમાજના થોડા લોકો સંપત્તિના મોટા હિસ્સાના માલિક બને છે. આમ, સમાજમાં ગરીબ ગરીબ રહી જવા પામે છે કારણ તે બેરોજગાર બનવાને લીધે તેઓ ગરીબ રહે છે અને ગરીબી પર્યાવરણના નુકસાન માટે વધુ જવાબદાર છે. એટલે ગાંધીજી શ્રમપ્રધાન યંત્રો વડે ઉત્પાદન કરવાની હિમાયત કરતા હતાં, જેથી માનવ અને પશુરૂપી પર્યાવરણીય સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય. **સાદગી અને સ્વાવલંબન** આ ગાંધી વિચાર સ્થાનિક ઉત્પાદન, ગ્રામઉદ્યોગોનો વિકાસ, નાના અને ઘરેલું ઉદ્યોગોના વિકાસની તરફદારી કરે છે, જેથી વધુ લોકોને રોજગારી મળી રહે આવકની અસમાનતા ઘટે તથા મોટા ઉદ્યોગો દ્વારા થતાં પ્રદૂષણને ઘટાડી શકાય. **ગ્રામીણ વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ** ગાંધીજી ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ કરવાના સમર્થક હતાં. ગ્રામીણ વિકાસ આધારિત મોડેલમાં ખેતી, પશુપાલન અને કુદરત આધારિત પ્રવૃત્તિઓને મહત્વ આપવામાં આવે છે. આથી વનવિનાશ ઘટે છે. ખેતીકામમાં ઉપયોગી પશુઓ ખાસ કરીને બળદ અને પાડાઓની કતલ અને રખડતા કરી મુકવાની માનવ વૃત્તિ ઘટે વળી પશુ આધારિત ખાતર અને પશુ શ્રમના ઉપયોગ દ્વારા ખેત ઉત્પાદનમાં વધારો થાય. જમીનની ઉર્વરકતા જળવાઈ રહે અને જૈવ વૈવિધ્યનું રક્ષણ થાય છે. **ઉપભોગવાદ પર લગામ** સાંપ્રત સમયનો ઉપભોગવાદ તેમજ ભૌતિક સુખ પાછળની દોડધામ પર્યાવરણ માટે બહું જ હાનિકારક સાબિત થઈ છે. ગાંધીદર્શન સંયમ, નૈતિકતા અને આત્મસંતોષને સમર્થન આપે છે, જે પર્યાવરણ સંરક્ષણ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. **સ્વદેશી અને સ્થાનિક સંસાધનોનો ઉપયોગ** મહાત્મા ગાંધી સ્વદેશી વિચારધારાના પ્રખર હિમાયતી હતાં. સ્થાનિક સ્તરે ઉત્પાદન અને ઉપભોગ થવાથી પરિવહન

ખર્ચ, ઈંધણ વપરાશ અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થાય છે. જે પર્યાવરણ સંરક્ષણ માટે પોષક છે. **અસ્તેય અને અપરિગ્રહ** ગાંધીજીના મતે ભકત કવિ નરસિંહ મહેતાની પંક્તિ મુજબ વણલોભી બનવું અને તૃષ્ણાનો ત્યાગ કરવાથી માનવજીવનમાં નૈતિક ગુણો વિકસે છે જેથી માનવ પ્રાકૃતિક સંસાધનોની ચોરી, વધુ પડતો સંગ્રહ કે સંચય કરવાનું ટાળે છે. જેથી સામાજાર્થિક અસમાનતા ઘટે, વધુ માનવ સમાજનું કલ્યાણ થવાથી પ્રકૃતિ પરનું ભારણ ઘટાડી શકાય છે. **અહિંસા અને કુદરત પ્રત્યે કરૂણા** ગાંધીજીનો આ વિચાર માત્ર માનવીઓ માટે જ નહિ, પણ પ્રાણીઓ અને કુદરત માટે પણ એટલો જ લાગુ પડે છે. ગાંધીજી અનુસાર પ્રેમ દુનિયાની સૌથી મોટી શકિત છે. મનુષ્યે પશુ-પંખીઓ અને કુદરત પ્રત્યે અનુકંપા અને પ્રેમ દાખવવો જોઈએ, કારણ કુદરત કેવળ ઉપભોગનું માધ્યમ નથી પરંતુ જીવમાત્રનું આશ્રયસ્થાન છે એટલે તેને ઉપભોગનું સાધન ન સમજતા આનંદમય જીવનયાપનું સાધ્ય સમજવું જોઈએ. આમ, માનવી કુદરત અને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બને તો પણ પર્યાવરણનું જતન થઈ શકે છે. પર્યાવરણ પ્રત્યે નૈતિક જવાબદારી ગાંધીજી એવું માનતા હતાં કે મનુષ્ય પ્રકૃતિનો માલિક નહિ પણ રક્ષક છે. જેમ પૃથ્વી અપણું લાલન-પાલન કરે છે તેમ આપણે પણ આવી જ રીતે નૈતિક જવાબદારી લઈ પૃથ્વીનું જતન કરીએ તો વિકાસ અને પર્યાવરણના લાંબાગાળાના લાભો ટકાઉજીવન માટે ઉપયોગી બની રહે તેમ છે.

## સઘળા વિકાસની કલ્પનામાં ગાંધી વિચારોની પ્રાસંગિકતા

સાંપ્રત વિશ્વમાં વિકાસની પરિભાષા કેવળ આર્થિક વિકાસ કે વૃદ્ધિ સુધી સીમિત રહી નથી, પરંતુ મનુષ્યજાતિના સર્વાંગીણ કલ્યાણ, પર્યાવરણીય સંરક્ષણ, સામાજિક સમાનતા અને ભવિષ્યની પેઢીઓ માટે કુદરતી સંસાધનોના ટકાઉ સંચાલન આધારિત બની ગયો છે. આ સંદર્ભમાં સાંપ્રત સમયની માંગ અને જરૂરિયાત મુજબ ગાંધી વિચારો સઘળા વિકાસ માટે અત્યંત સહાયરૂપ બની રહે તેમ છે. ગાંધીજી અનુસાર ખરેખર વિકાસ એવો હોવો જોઈએ જે માનવીના શારીરિક, માનસિક, સામાજિક, આધ્યાત્મિક તેમજ નૈતિક વિકાસને સમાન મહત્વ આપતો હોય. ગાંધીજીનું માનવું હતું કે કેવળ ઉદ્યોગોનો વિકાસ કે આવકમાં વધારો માનવીને સુખી બનાવી શકતો નથી. એટલે **વિકાસ માનવ કેન્દ્રીત હોવો જોઈએ, મૂડી કેન્દ્રીત નહિ.** સાંપ્રતયુગીન ઉપભોકતાવાદી પ્રવૃત્તિ સંસ્કૃતિ ન રહેતા સંસાધનોના અતિ વપરાશ, દુરુપયોગ અને બગાડ કરનારી વિકૃત્તિ બની ગઈ છે, જે સાંપ્રત અર્થવ્યવસ્થાઓને પ્રાકૃતિક વિનાશ તરફ દોરી રહી છે. ગાંધીજીનો જરૂરિયાત આધારિત ઉપભોગનો વિચાર **મર્યાદિત વપરાશ અને જવાબદાર જીવનશૈલીને ટકાઉ વિકાસ માટે અનિવાર્ય શરત** માને છે. ગાંધીદર્શન મુજબ રાષ્ટ્રના વિકાસનો મુખ્ય આધારસ્તંભ ગ્રામીણ વિકાસ છે. મજબૂત અને આત્મનિર્ભર ગ્રામીણ વિકાસ ટકાઉ રાષ્ટ્ર નિર્માણની ધરોહર છે. સ્વદેશી, ગ્રામીણ વિકાસ અને આત્મનિર્ભરતા જેવા ગાંધીજીના ખ્યાલો **સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત, વોકલ ટુ લોકલ,** વર્તમાન **સ્વદેશી અભિયાન** વગેરે યોજનાઓમાં સાંપ્રત સમયમાં પણ પ્રાસંગિક છે. ગાંધીજી દ્વારા ચલાવેલા અસ્પૃશ્તા નિવારણ, સ્ત્રી સશક્તિકરણ, સર્વધર્મ સમભાવ અને ટ્રસ્ટીશીપનો ખ્યાલ સહકારી સામાજિક જવાબદારીઓ પરત્વે માનવ સમાજનું ધ્યાન દોરે છે, જેથી સામાજાર્થિક અસમાનતા ઘટે અને **સઘળા વિકાસમાં સમાજના દરેક વર્ગના લોકોની ભાગીદારી વધે** તોજ એ વિકાસ ટકાઉ વિકાસમાં પરિણમે. ગાંધીજીના આર્થિક વિચારો કેવળ નફા આધારિત ન હતાં, પરંતુ નૈતિકતા અને માનવીય મૂલ્યો આધારિત હતાં. સાંપ્રત સમયમાં ગાંધીજીના વિચારો **શ્રમિકોના અધિકાર, નૈતિક વેપાર અને જવાબદારીભર્યા ઉત્પાદન કરવા માટે પ્રેરણાસ્રોત** છે. ગાંધીજી પ્રકૃતિ સાથે માનવીય સંબંધોના સહઅસ્તિત્વના હિમાયતી હતા. પર્યાવરણનું સંરક્ષણ કરવાથી જળવાયુ પરિવર્તન, પ્રદૂષણ, જળ સંકટ, વન વિનાશ રોકી શકાય અને **ભવિષ્યની પેઢીઓને સંસાધનોની સુરક્ષાની ખાતરી આપી શકાય** છે. સાંપ્રત સમયમાં વધુ પડતા યંત્રવાદના લીધે બેરોજગારીમાં વધારો અને માનવ મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. વળી, કૃત્રિમ બુદ્ધિ અને સ્વયંસંચાલિત મશીનો આવવાથી માનવ શ્રમ-મૂલ્યનું ધોવાણ થયું છે જ્યારે પશુઓને રખડતાં કરી દેવામાં આવે છે. આ બાબતે ગાંધીજીનો **મશીનવાદ સામે વિરોધ માનવવાદના હિત માટે** કેન્દ્રમાં રહેલો ખ્યાલ શ્રમપ્રધાન અર્થવ્યવસ્થાની હિમાયત કરે છે. આમ, સઘળા વિકાસ હેઠળ ગાંધીજીના આર્થિક વિચારોના મૂળમાં ગરીબી નિવારણ, ગુણવત્તાયુક્ત રોજગાર, પર્યાવરણ સંરક્ષણ, સામાજિક ન્યાય, સમાનતા, શાંતિ અને સહઅસ્તિત્વ જેવા મુદ્દાઓ મુખ્ય છે, જે ટકાઉ વિકાસના લક્ષ્યો સાથે પણ સુસંગત છે.

## ગાંધી વિચારધારા વૈશ્વિક શાંતિ અને સુખાકારી માટે પ્રેરણાસ્રોત

મહાત્મા ગાંધી એક તત્ત્વચિંતક, દીર્ઘદ્રષ્ટા અને મહાન વિચારક હતા. સાંપ્રત વિશ્વ પર્યાવરણીય સંકટ, શોષણ અને અસમાનતા, યુધ્ધ અને પાયમાલીના આરે ઊભું છે એવા સમયે ગાંધીજીના વિચારો વિશ્વ શાંતિ અને સુખાકારી માટે પ્રેરણારૂપી દોરી સંચાર કરી રહ્યા છે. આજે આર્થિક વિકાસ કેટલાક રાષ્ટ્રો અને પ્રદેશો સુધી સીમિત રહ્યો છે, જે શોષણ અને અસમાનતામાં વધારો થવા માટે જવાબદાર છે. ગાંધીજીના **વિકેન્દ્રીત અર્થવ્યવસ્થા**ના ખ્યાલ મુજબ જો આર્થિક પ્રવૃત્તિઓનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે તો મૂડીવાદ નબળો પડે અને સંપત્તિ થોડા લોકોનાં હાથમાં ન રહેતાં મોટા માનવ સમાજમાં તેની વહેંચણી શકય બને તો શોષણ અને અસમાનતા ઘટાડવામાં સફળતા મળે. આમ થવાથી વંચિતોની પરિસ્થિતિમાં સુધારો આવે અને અછત તેમજ બાકાત રહેવાથી પીડાતી જનસંખ્યાને વૈશ્વિક સ્તરે શાંતિ અને સમાન અધિકાર મળવાથી સુખાકારીનો અનુભૂતિ મળશે. આમ, ગાંધીદર્શનમાં મનુષ્યજાતિનું કલ્યાણ કેન્દ્રમાં રહ્યું છે. **સ્વદેશી અને આત્મનિર્ભરતા** ગાંધીજીના આ વિચારે સ્થાનિક સ્તરે નાના અને ઘરેલું ગ્રામીણ ઉદ્યોગોના વિકાસ તેમજ કારીગરોના કલ્યાણને પ્રોત્સાહન આપ્યું છે. આજની વિશ્વ આધારિત સપ્લાય ચેઈન આર્થિક અસુરક્ષામાં વધારો કરે છે, આવી સ્થિતિમાં સ્થાનિક સ્તરે ઉત્પાદન અને સપ્લાય આર્થિક આત્મનિર્ભરતા બક્ષે છે. જે આર્થિક સ્થિરતા અને વૈશ્વિક શાંતિ તેમજ સુખાકારી માટે મહત્વપૂર્ણ બની શકે છે. ગાંધીજી અનુસાર ધનિક લોકો સમાજની સંપત્તિના કેવળ ટ્રસ્ટી છે, માલિક નહિ. **ટ્રસ્ટીશીપના વિચાર પ્રમાણે** સંપત્તિનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે થવો જોઈએ. સાંપ્રત સમયમાં વૈશ્વિક અશાંતિ માટે વધતી આર્થિક અસમાનતા અને સંપત્તિનું કેન્દ્રીકરણ મૂળ કારણ છે. વાલીપણાનો ખ્યાલ આ અસમાનતાને ઘટાડી સામાજિક સમરસતા અને શાંતિનું પુનર્સ્થાપન કરી શકાય છે. **સાદુ જીવન અને ઊચ્ચ વિચારો** એ ગાંધીજીનો વ્યવહારુ જીવન મંત્ર હતો. તેમણે અતિ ઉપભોગવાદ અને લોભનો વિરોધ કર્યો છે. સાંપ્રત સમયમાં અતિ ઉપભોગ પર્યાવરણીય વિનાશ, સંસાધનોની અછત અને અશાંતિનું કારણ બની રહ્યો છે. આમ, મહાત્મા ગાંધીનો **સીમિત ઉપભોગનો વિચાર** ટકાઉ સર્વાંગી વિકાસ અને પર્યાવરણીય સંતુલન માટે મહત્વપૂર્ણ છે. ગાંધીજી **ગ્રામીણ સ્વરાજ અને ગ્રામ આધારિત અર્થવ્યવસ્થા**ને વૈશ્વિક સુખાકારી અને શાંતિનું મૂળ માનતા હતા. મજબૂત ગ્રામ અર્થવ્યવસ્થા રોજગાર, સમાનતા અને આર્થિક સ્થિરતાનું પ્રતિક છે. સાંપ્રતયુગીન શહેરીકરણની બેરોજગારી, પ્રદુષણ, ભીડભરી ગંદી વસાહતો જેવી સમસ્યાઓના સમાધાન માટે ગ્રામ આધારિત વિકાસ મોડેલ શ્વૈશ્વિક શાંતિ અને સુખાકારી માટે સાર્થક સાબિત થઈ શકે છે. ગાંધીજીની આર્થિક વિચાર પ્રણાલી **અહિંસા અને નૈતિકતા** પર આધારિત હતી. સાંપ્રત વિશ્વ હિંસાયુકત યુધ્ધોની આગમાં સળગી રહ્યું છે. વળી, શ્રમ શોષણ, અન્યાય, બાળ મજૂરી, અનૈતિક વેપારના લીધે વિશ્વમાં અરાજકતા ફેલાઈ છે ત્યારે ગાંધીજીની અહિંસા અને નૈતિક અર્થકારણની વિચારધારા વૈશ્વિક ન્યાય અને શાંતિ માટે પ્રેરણાદાયી બની શકે છે. ગાંધીજી **કુદરત સાથે મનુષ્યજાતિના સમન્વય અને તાદાત્મ્ય**માં માનતા હતાં. માનવીય લોભ કુદરતી સંસાધનોના શોષણનું કારણ બન્યો છે. સાંપ્રત જળવાયુ પરિવર્તન અને પર્યાવરણીય સંકટના ઉકેલ થકી વિશ્વ સુખાકારી અને શાંતિની સ્થાપના કરવા માટે આ વિચાર યોગદાન આપી શકે છે. સાંપ્રત સમયની વૈશ્વિક આર્થિક પ્રણાલીએ વિકસિત અને વિકાસમાન દેશો વચ્ચે અસમાનતા ઉભી કરી છે તેમજ વૈશ્વિક શાંતિને ડહોળી ઉચ્છેદન કર્યુ છે. ગાંધીજીના **સમાનતા અને ન્યાયિક સંપત્તિના વિતરણ**ના વિચાર વિશ્વ સ્તરે નૈતિક વેપાર, વૈશ્વિક શાંતિ અને સહકારને મજબૂત કરી શકે છે. ગાંધીજી અનુસાર આર્થિક અન્યાય, યુધ્ધ, હિંસા એ અસ્થિરતાનું મૂળ છે. જો વૈશ્વિક સ્તરે **આર્થિક ન્યાય અને સમાન તકો** આપવામાં આવે તો વૈશ્વિક સ્તરે ઉદ્ભવતા સંઘર્ષો ઘટી શકે છે. આમ, ગાંધી વિચાર વૈશ્વિક શાંતિ સ્થાપવામાં સહાયક બની શકે છે.

સાંપ્રત સમયમાં ઘણાં દેશો ટકાઉ સર્વાંગી વિકાસ, સામાજિક ઉદ્યોગો, સહકારી સંસ્થાઓ અને ગ્રીન ઈકોનોમી તરફ આગળ વધી રહ્યા છે, તે ગાંધી વિચારોથી પ્રેરિત છે. ગાંધી વિચારો માત્ર આદર્શ અને ઐતિહાસિક મહત્વ ધરાવતા નથી, પરંતુ સાંપ્રત સમયમાં વૈશ્વિક શાંતિ, આર્થિક ન્યાય અને સમાનતા, પર્યાવરણીય સંરક્ષણ, માનવ સુખાકારી અને ટકાઉ સર્વાંગી વિકાસ માટે અત્યંત પ્રસ્તુત છે.

## સંદર્ભ સમીક્ષા


- Badal, B. P. (2020). *Gandhian model of community development*. Research Nepal Journal of Development Studies, 3(2), 1–21.

- Gowda, G. (2024). *Achievement of sustainable development through environmental protection: A Gandhian perspective*. Alochana Journal, 13(9), 79–84. ISSN 2231-6329.
- Kumar, S. (2025). *Gandhian philosophy in action: Relevance and application in India's modern challenges*. Journal of Academic Studies, Suvarnabhumi Institute of Technology, 11(2), 358–373.
- Khichar, V., & Lunayach, A. (2024). *Gandhian philosophy and environmental awareness: A path to sustainable development*. CIJE Quarterly, 9(3), 76–82.
- Pande, A. P. (2023). *Relevance of Gandhian thoughts to environmental challenges in the modern era*. Journal of Environmental Nanotechnology, 12(3), 19–22. https://doi.org/10.13074/jent.2023.09.233474
- Soni, S. (2023). *Gandhi's way of conservation and protection of nature: An environmental perspective*. AIJRA, 10(3), 1–10. ISSN 2455-5967.
- Yadav, H. (2024). *An analysis of environmental movement in India from Gandhiyan perspective*. *Idealistic Journal of Advanced Research in Progressive Spectrums (IJARPS)*, 3(10), 207–212.